**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૮૮ ટકા

# સે-૨૪ યોગ વર્ગમાં પધારેલા બૌધ્ધ સાધુનું માર્ગદર્શન



ગાંધીનગર, તા.૧

તાજેતરમાં ગાંધીનગરના સેક્ટર-૨૪ના રંગમંચ ખાતે ચાલી રહેલા નિઃશુલ્ક યોગ-પ્રાણાયમ વર્ગમાં બૌદ્ધ સાધુ ગૌતમ આનંદ પધાર્યા હતા જેમણે બૌદ્ધ પદ્ધતિ અનુસારની પસંદ ક્રિયાઓ યોગાર્થીઓએ શીખવાડી હતી. આ પ્રસંગે યોગ વર્ગના સંચાલક મનોજ કુમારે બૌદ્ધ સાધુનું તમામ યોગાર્થીઓ વતી સન્માન કર્યું હતું તેમજ તે દિવસે યોગ વર્ગના સમાપન બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો



ગાંધીનગર, તા.૧

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં સંગીતમય સભાનું સુંદર આયોજન કરાયું હતું. ઉપરાંત આ સમારોહમાં મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમના કન્વીનર જસવંતસિંહ ઝાલાને વિશેષ સન્માનપત્ર આપી સન્માનિત કર્યા હતા.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ઈ-વેસ્ટ મેનેજમેન્ટ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૧

હાલના સમયમાં ઈલેક્ટ્રોનિક્સ કચરો એ વિવિધ કચરાઓમાં સૌથી ઝડપથી વધી રહેલો કચરો છે. ભારતમાં દર વર્ષે આશરે ૩.૨૩ મિલિયન મેટ્રિક ટન ઈ-વેસ્ટ પેદા થાય છે, જ્યારે આટલા જ કચરાને રિસાયકલ કરવામાં ચાર વર્ષ લાગે છે. જો ઈ-વેસ્ટનો યોગ્ય નિકાલ કરવામાં ન આવે તો તેમાંથી નીકળતાં હાનિકારક અને ઝેરી રસાયણો પાણી, જમીન અને માનવજીવન પર ભારે હાનિકારક અસર નીપજાવે છે. આથી ઈ-વેસ્ટ મેનેજમેન્ટ એ આજના સમયની માંગ છે. આ જરૂરિયાતને ધ્યાને લઈને ગુજરાત સરકારના ક્લાયમેટ ચેન્જ વિભાગે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી સાથે મળી ગુજરાત ક્લીનર પ્રોડકશન સેન્ટરના સહયોગથી એક દિવસીય કેપેસિટી બિલ્ડિંગ પ્રશિક્ષણ કાર્યક્રમ ૩૦મી નવેમ્બરના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે યોજયો હતો. જેના મુખ્ય અતિથિ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ, ક્લાયમેટ ચેન્જ વિભાગના જોઈન્ટ સેક્રેટરી બી. એચ. તલાટી, ક્લાયમેટ ચેન્જના ટેક્નિકલ એડવાઈઝર શ્વેતલ શાહ, જીસીપીસીના સભ્ય સચિવ ડૉ. ભરત જૈન ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં આમંત્રિત અલગ-અલગ નિષ્ણાતો દ્વારા ઈ-વેસ્ટ મેનેજમેન્ટ, તેના નિયમો, રિસાયકલિંગ ફેસિલિટી અને બેસ્ટ પ્રેક્ટિસિસ વિશેની માહિતી આપવામાં આવી હતી.

# જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે સ્વરક્ષણ તાલીમ યોજાઈ



રોટરી કલબ ઓફ ગાંધીનગર જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે સ્વરક્ષણ તાલીમ યોજાઈ હતી. જેમાં કોચશ્રી ગૌરાંગ સિંહ રાણા તેમજ લિપ્સી ભટ્ટ ટ્રેનર, અનેરી પટેલ કોચ અને શાળાના આચાર્યા રમીલાબેન એસ. ચૌધરી અને વ્યાયામ શિક્ષિકા લીલાબેન ચૌધરી તેમજ હેતલબેન દેસાઈના સહયોગથી શાળાની ૩૭૨ વિદ્યાર્થીની બહેનો તેમજ શાળાના તમામ શિક્ષકમિત્રો આ તાલીમમાં જોડાયા હતા.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. ઠાકોર શકરાજી ભગવાનજી**, ઉ.વ. ૭૫, પુન્દ્રાસણ
- **સ્વ. પરમાર (ઠાકોર) બાબુજી લલાજી**, ઉ.વ. ૪૫, બોરીજ
- **સ્વ. કાળે ગંગુબાઈ મનોહર**, ઉ.વ. ૭૦, રાંધેજા

# ગાંધીનગરના વરિષ્ઠ ખેલાડીઓનું 'માસ્ટર' પરફોર્મન્સ....!!!

## ૪૦મી સ્ટેટ માસ્ટર્સ એથ્લેટિકસ ચેમ્પિયનશીપમાં ૧૭ ગોલ્ડ અને ૧૨ સિલ્વર સાથે કુલ ૩૨ મેડલ્સ જીત્યાં

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર માત્ર સરકારી કર્મચારીઓનું નગર નથી પરંતુ અહીં વસતા સરકારી કર્મચારીઓથી માંડીને અન્ય નાગરિકોમાં પણ રમતગમતનું વિશેષ મહત્વ હોવા સાથે કૌશલ્ય પણ જોવા મળે છે. ગાંધીનગર શહેરના બાળ અને યુવા ખેલાડીઓ તો અનેક સ્તરે યશસ્વી પ્રદર્શન કરી જ રહ્યા છે પરંતુ તે સાથે સાથે શહેર-જિલ્લાના વરિષ્ઠ વયના 'માસ્ટર્સ' ખેલાડીઓ પણ તેમની પ્રતિભા થકી સમગ્ર જિલ્લાનું નામ રોશન કરી રહ્યાં છે. તાજેતરમાં ગાંધીનગર ડિસ્ટ્રિકટ માસ્ટર્સ એથ્લેટિકસ એસોસીએશન સાથે સંકળાયેલા માસ્ટર્સ ખેલાડીઓએ ૪૦મી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એથ્લેટિકસ ચમ્પિનયશીપમાં ૧૭ ગોલ્ડ અને ૧૨ સિલ્વર સાથે ૩૨ મેડલ્સ હાંસલ કર્યા છે.

રાજયના માસ્ટર્સ એથ્લેટસ માટે ગત તા. ૨૭ અને ૨૮ નવેમ્બર દરમિયાન દેવભૂમિ દ્વારકા ખાતે ૪૦મી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એથ્લેટિકસ ચેમ્પિયનશીપ રમાઈ હતી જેમાં ગાંધીનગર જિલ્લાના ૧૨ ખેલાડીઓએ ભાગ લઈને કુલ ૩૨ મેડલ્સ જીતી યશસ્વી પ્રદર્શન કર્યું હતું. આ ખેલાડીઓએ ૧૭ ગોલ્ડ મેડલ્સ, ૧૨ સિલ્વર મેડલ્સ અને ૩ બ્રોન્ઝ મેડલ્સ જીત્યા હતા. આ સાથે વિજેતા ખેલાડીઓની આગામી વર્ષે ફેબ્રુઆરીમાં હૈદારબાદ ખાતે યોજાનાર ૪૧મી નેશનલ માસ્ટર્સ એથ્લેટિકસ ચેમ્પિનશીપ માટે પસંદગી કરવામાં આવી છે. ગાંધીનગરના ખેલાડીઓ વિવિધ દોડ, જમ્પ, કૂદ, થ્રો વગેરે રમતોમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી મેડલ્સ જીત્યાં છે. આ ખેલાડીઓ પૈકી ૬૦થી વધુ વય જુથના શાંતાબેન બુબડીયાએ ૩ ગોલ્ડ અને ૧ સિલ્વર સાથે ૪ મેડલ્સ જીત્યાં છે.

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ ખાતે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો

વર્તમાન કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તથા રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરની ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ઘ-૦ યુનિટમાં મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં મેડિકલ ઓફિસર ડૉ. હાર્દિક પટેલ અને ડૉ. પૂજા ખત્રી તથા તેમની ટીમના સભ્યોએ શાળાના વિદ્યાર્થીઓનુ મેડિકલ ચેકઅપ કરી તેમના સ્વાસ્થ્યને ચકાસી જરૂરી સૂચનો આપ્યા હતા. શાળાના ટ્રસ્ટી ડૉ. પ્રદીપ ગગલાણી અને આચાર્યા જયોતિ ભાવસારે આ કાર્યક્રમ યોજવા બદલ મેડિકલ ટીમનો આભાર વ્યકત કર્યો હતો.

## સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી ખાતે ઉજીએ આયુષ નિદાન સારવાર કેમ્પ

સરકારી આયુર્વેદ હોસ્પિટલ સેકટર-૨૨ તરફથી આયુષના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી સે-૭ ખાતે આયુષ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરેલ છે. જે ૩જીના રોજ જાહેર જનતા માટે આયોજીત કરેલ છે. તેમાં ચાર્ટ પ્રદર્શન, ઉકાળા વિતરણ, યોગ અંગેનું માર્ગદર્શન અને આયુર્વેદ, હોમિયોપેથીની દવાઓનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે. જેમાં શહેરીજનોને આયુષની દવાઓનો લાભ લેવા જણાવાયું છે.

# આર.જી. પટેલ સ્કૂલમાં ઊર્જા જાગૃતિ કાર્યક્રમ યોજાયો


ગાંધીનગર, તા.૧

આર.જી. પટેલ ગર્લ્સ સ્કૂલ ખાતે ઊર્જા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જે નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર દ્વારા ઊર્જા દિન અન્વયે ઊર્જા જાગૃતિ પરનું પ્રેઝન્ટેશન વિદ્યાર્થીઓને બતાવવામાં આવ્યું હતું. ઉપરાંત ધોરણ-૯ની ૫૮ વિદ્યાર્થીનીઓને ઊર્જા જાગૃતિ પરની ૨૫ ગુણની એક કવીઝ રાખવામાં આવી હતી. જેમાં પ્રથમ ત્રણ વિજેતા વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન રૂપે રોકડ ઈનામો આપવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે વિશ્વા પટેલ (૮૦૦ રૂપિયા), દ્વિતીય ક્રમે હર્ષિકા કુશ્વાહા (૭૦૦ રૂપયા), તૃતીય ક્રમે શ્રેયા પટેલ (૫૦૦રૂપિયા) રોકડ ઈનામો આપ્યા હતા. શાળાના આચાર્ય ગિતેષભાઈ પટેલ દ્વારા વિજેતા વિદ્યાર્થીનીઓને અભિનંદન આપવામાં આવ્યા હતા.

## જન્મદિને વધામણી



**દિનેશભાઈ કેશવલાલ ચૌહાણ**
**ટ્રસ્ટી-ગુ.દ્ર.વિ.જ. મોચી સમાજ**
**મો. ૯૪૨૭૦ ૧૦૫૫૫**



**રૂદ્ર તેજસ ગાંધી**



**પિયુષ વાલજીભાઈ ઠાકોર**
**મો. ૯૮૨૪૬ ૪૯૧૬૦**



**ભારતી રાવલ**
**લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના**



**સ્તુતિ અલ્પેશ મજમુદાર (પંછી)**
**મો. ૮૩૨૦૮ ૧૮૭૦૩**

# મહામારીમાં બચાવની ગાઈડલાઈન્સથી સમિટે માનવસેવા કરી : રવિકુમાર ત્રિપાઠી

## નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિ. ખાતે ત્રીજી હ્યુમેટેરિયન ફોરેન્સિક સમિટ યોજાઈ : માનવ અધિકાર પંચના અધ્યક્ષ રવિકુમાર ત્રિપાઠીએ ઉદઘાટન કર્યું

ગાંધીનગર, તા.૧

આજે ગાંધીનગર ખાતેની નેશનલ ફોરેન્સિક યુનિવર્સિટી ખાતે 'હ્યુમેનેટેરિયન ફોરેન્સિસ-૨૦૨૧' વિષયે ત્રીજી આંતરરાષ્ટ્રીય સમિટનું ઉદઘાટન કરાયું હતું. આ પ્રસંગે ગુજરાત રાજય માનવ અધિકાર પંચના અધ્યક્ષ નિવૃત્ત ન્યાયાધીશ રવિકુમાર ત્રિપાઠી, એનએફએસયુના કુલપતિ ડૉ. જે.એમ.વ્યાસ, નવી દિલ્હીથી એહોર્ડ ઈન્ટરનેશનલ કમિટી ઓફ ધ રેડક્રોસના જેન મિસ્કોક ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસીય આ સમિટનું ગુરુવારે સમાપન થશે.

સમારોહના મુખ્ય અતિથિ, ન્યાયમૂર્તિ (નિવૃત્ત) રવિકુમાર ત્રિપાઠી, અધ્યક્ષ, ગુજરાત રાજય માનવ અધિકાર આયોગે મહામારી અંગે સાવચેતીના પગલાં ભરવા ઉપર ખાસ ભાર મૂકીને જણાવ્યું હતું કે સૌએ કોવિડ-૧૯ પ્રોટોકોલનું પાલન કરવું જોઈએ કારણ કે હજી મહામારી સમાપ્ત થઈ નથી. તેમણે વધુમાં કહ્યું કે મહામારીને પહોંચી વળવા માટે આપણે આપણે આગોતરું આયોજન કરવું પડશે અને જરૂર પડે ગાઈડલાઈન્સમાં ફેરફાર કરવા પડશે. સમગ્ર સમાજે તબીબી જગત સાથે સમન્વય કરીને આ મહામારીને પહોંચી વળવા માટે યોગદાન આપવું પડશે. સત્તાવાળાઓ, દાતાઓ અને અન્ય સંસ્થાઓએ પણ મહામારીથી બચવા માટે પોતાનું યોગદાન આપવું જોઈએ. આ પ્રકારની સમિટ મહામારીથી બચાવ અંગેની ગાઈડલાઈન્સ આપીને માનવસેવાનું કાર્ય કરે છે.




ડૉ. જે. એમ. વ્યાસ, કુલપતિ, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU) પોતાના મુખ્ય વકતવ્યમાં જણાવ્યું હતું કે 'આ સમિટ જાગરૂકતા પેદા કરી રહી છે અને લોકોને મહામારી દરમિયાન યોગ્ય વ્યવસ્થાપન વિશે ઊંડાણપૂર્વકનું જ્ઞાન આપી રહી છે. આફતો પછી તે કુદરતી હોય કે માનવસર્જિત, હ્યુમેનિટેરિયન ફોરેન્સિકસ માનવની મદદે આવે છે. આપત્તિઓ દરમિયાન મૃતદેહોના અંતિમસંસ્કારનું ગૌરવપૂર્ણ સંચાલન એક અતિ મહત્ત્વનો હિસ્સો છે. આ માટે દુનિયાએ મૃત્યુના મલાજો જાળવવાનો માનવતાનો ગુણ અપનાવવો જોઈએ. આ નવા કોન્સેપ્ટ-નવા સિદ્ધાંતનું પાલન સૌએ કરવું જોઈએ.'

# શહેરના યુવા અગ્રણી દિવ્ય ત્રિવેદી ઉત્તરપ્રદેશના ચૂંટણી પ્રવાસે

ગાંધીનગર, તા.૧

પશ્ચિમ રેલ્વેનાં સલાહકાર બોર્ડના સભ્ય જાણીતા એડવોકેટ યુવા નેતા દિવ્ય ત્રિવેદીએ તાજેતરમાં ભારતીય જનતા પાર્ટી તરફે ઉત્તરપ્રદેશમાં આગામી ચૂંટણીલક્ષી પ્રચાર કર્યો હતો. દિવ્ય ત્રિવેદીએ ઉત્તર પ્રદેશમાં કાશી વિશ્વનાથદાદા તથા બાંકે બિહારીજી તેમજ અયોધ્યામાં શ્રી રામ લલ્લાનાં દર્શન કરી આશીર્વાદ મેળવી આગ્રા, મથુરા, વૃંદાવન, અયોધ્યા, અલ્હાબાદ તથા વારાણસી તેમજ આજુબાજુનાં મહત્વનાં શહેરો તથા ગામડાનાં અલગ અલગ જૂથનાં વેપારીઓ, ઉધ્યોગપતિઓ, સામાજીક કાર્યકરો, મજદૂર સંઘો, સ્થાનિક



નેતાઓ, તથા પ્રભારીઓ સાથે ગૃપ મિટીંગો તથા સંવાદ કરી ભારતીય જનતા પાર્ટી તરફે આગામી ચૂંટણીમાં વ્યાપક પ્રમાણમાં, યુવાઓ, મહિલાઓ તથા પુરૂષોને કેન્દ્રની વિવિધ યોજનાઓની સવિસ્તાર સમજૂતી આપી તેના લાભ મેળવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ શાહજહાપુરા, અલીગઢ, સુલતાનપુર, મેઈનપુરી, ગોરખપુરનાં ગામડાઓમાં સ્થાનિક વિધાયકો તથા સાંસદો સાથે ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લઈ યોગ્ય ઉમેદવારનું આગામી ચૂંટણીલક્ષી સર્વેક્ષણ પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ગોરખપુર સાંસદ અને અભિનેતા રવિ કિશનજી તથા ઉત્તરપ્રદેશનાં એમ.એલ.સી. તથા પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી એ.કે. શર્માજી તથા પીઠાધિશ્વર આચાર્ય મહામંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ કૈલાશાનંદગીરીજી મહારાજ વિગેરેએ જરૂરી માર્ગદર્શન આપ્યા હતા.

# શનિવારે વર્ષનું આખરી સૂર્યગ્રહણ

## શનિ અમાસ અને સૂર્યગ્રહણનો અનોખો સંયોગ

ગાંધીનગર, તા.૧

વર્ષ ૨૦૧નું છેલ્લું સૂર્યગ્રહણ શનિવારના રોજ થશે. આ દિવસે શનિ અમાસ પણ છે. બંને એક જ દિવસે હોવું એ એક અદભૂત સંયોગ છે. દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં શનિવારે ખગ્રાસ ગ્રહણનો અદભુત અવકાશી નજારો જોવા મળવાનો છે. આ ગ્રહણ ભારતમાં દેખાશે નહિ. વિશ્વના વૈજ્ઞાનિકોએ માનવ કલ્યાકારી સંશોધનો માટે પોતાના નિયત સ્થળની પસંદગી કરી લીધી છે. આ ગ્રહણ એન્ટાર્કટીકામાં ખગ્રાસ અને દક્ષિણ આફ્રિકા, દક્ષિણ એટલાન્ટીકામાં ખંડગ્રાસ સ્વરૂપે અદભૂત અલૌકિક નજારો જોવા મળશે. આ સૂર્યગ્રહણ નરી આંખે જોવું અતિ જોખમકારક છે. ભારતમાં ગ્રહણ સંબંધી વૈધાદિ નિયમો, સુતક-બુતક વર્તમાન સમયમાં અપ્રસ્તુત, અવૈજ્ઞાનિક સાથે બોગસ છે. ભારત જન વિજ્ઞાન જાથાની કચેરી દેશભરમાં ગ્રહણની વૈજ્ઞાનિક સમજ



સાથે સદીઓ જૂની ગેરમાન્યતાઓનું ખંડન કરી લે ભાગુઓની આગાહીઓ, ફળ કથનોની હોળી કરશે.

વર્ષ ૨૦૨૧નું આખરી ગ્રહણ નિહાળવા વૈજ્ઞાનિકો, ખગોળપ્રેમીઓ થનગની રહ્યા છે. આ ગ્રહણ ભારતમાં કોઈને જોવા મળશે નહિ. ટી.વી, ઈન્ટરનેટ માધ્યમમાંથી અદભુત નજારો જોવા મળશે. એન્ટાર્કટિકામાં ખૂબ તૈયારીઓ ચાલી રહી છે.

જાથના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું હતું કે ભારતમાં ખગ્રાસ કે ખંડગ્રાસ સૂર્યગ્રહણ જોવા મળવાનુંનથી. વિશ્વના અમુક દેશ પ્રદેશોમાં આશરે ચાર કલાક આઠ મિનિટ સુધી ગ્રહણનો અવકાશી નજારો આબેહુબ જોવા મળવાનો છે. આ ગ્રહણ અદભુત અલૌકિક છે. જીંદગીનો યાદગાર પ્રસંગ છે. વિશ્વના વૈજ્ઞાનિકો અદ્યતન સાધનોથી લોકકલ્યાણકારી સંશોધનો કરશે. આ ગ્રહણની અસરો પશુ-પંખી-પક્ષી અને તેની ગતિવિધિ સાથે સાર્વત્રિક અભ્યાસ કરશે.

તેઓએ વધુમાં જણાવ્યું કે ભારતમાં ગ્રહણ સમયે વૈજ્ઞાનિક સમજ સાથે ચા-નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું છે. સદીઓ જુની માન્યતાનું ખંડન સ્થળ ઉપર કરવામાં આવશે. આ માત્ર ખગોળીય ઘટના છે તેવું વિજ્ઞાનની મદદથી સાબિત કરવામાં આવશે. જાથાએ સમગ્ર દેશમાં જાગૃતિ અભિયાન હાથ ધર્યું છે.

# મેનેજમેન્ટ પ્રોફેશનલ ક્ષેત્રે તકો અંગે બીબીએ કોલેજમાં વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશનનાં તૃતીય વર્ષના ૧૪૨ વિદ્યાર્થીઓ માટે ઉપરોક્ત વર્કશોપનું આયોજન થયું હતું. દરમ્યાન વિદ્યાર્થીઓ ને અભ્યાસકાળ વિદેશ અભ્યાસ તેમજ કારકિર્દી ના અંગેની આયોજનબદ્ધ તાલીમ આપી હતી. IDP.EDU (India) Pvt. Ltd ના પ્રતિનિધિ સૈકત ભૌમિક દ્વારા ઉપરોક્ત વિષય પર આગામી દિવસોમાં મેનેજમેન્ટ સ્નાતકો માટે આંતરરાષ્ટ્રીય સ્તરે વિશાળ તકોનું સર્જન થવા જઈ રહ્યુ છે જેનો યોગ્ય લાભ લઈ ઉજ્વાળ કારકિર્દીનું ઘડતર કરવા જણાવવામાં આવ્યું હતું. તેમજ આ બાબતે ઉચ્ચ અભ્યાસ તેમજ કારકિર્દીના ઘડતર માટે વિદેશ જવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા ન્યુઝીલેંડ, યુરોપ ના દેશોમાં ઉચ્ચ અભ્યાસ માટેની ટોપ યુનિવર્સિટીઓ તેમજ IELTS, TOFEL, GRE, GMAT જેવી પરીક્ષાઓના સ્કોર તેમજ એલઓઆર સહિતના કોલેજ અને યુનિવર્સિટી તરફ થી મેળવવામાં આવતા પ્રમાણપત્રો તેમજ યુનિવર્સિટી અભ્યાસ માટે કેટલો ખર્ચ લાગશે તેમજ કેટલી સ્કોલરશીપ મળશે તેમજ જે તે દેશમાં પાર્ટ ટાઈમ જોબ માટે કેવી તકો મળશે અને કેવી મંજૂરી રહેશે તે બાબતોની પણ તલસ્પર્શી છણાવટ કરવામાં આવી હતી અને આ બાબતે ઊભી થનાર પ્રક્રિયા, વિવિધ પરીક્ષાઓ તે માટે જરૂરીલાયકાત અને પ્રમાણપત્રો ની સંપૂર્ણ સમજ આપી હતી.

# શિહોલી ખાતે જોગણી માતાજીનો મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



ગાંધીનગર, તા.૧

શિહોલી મોટી ગામે કારતક વદ અગિયારસના રોજ જોગણી માતાજીનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. જેમાં દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર અગ્રણી એસ.પી.ઠાકોર તથા લલિત સિંહ ઠાકોર સહિત ગામના માઈભકતોએ ઉપસ્થિત રહી દર્શનનો લાભ તેમજ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.